
# ગાંધીનગર સરકીટ હાઉસમાં મેનેજર સહિત ૧૫ કોરોનાથી સંક્રમિત

## મુલાકાતીઓને કોરોના ટેસ્ટ કરાવવાની અપીલ : સર્કિટ હાઉસમાં સેનેટાઇઝેશન કરવામાં આવી રહ્યું છે તમામ કર્મચારીઓની સારવાર શરૂ કરી દેવામાં આવી છે

### યુવા મહિલા અધિકારી શ્વેતાબેન મહેતા કોરોના સામે જંગ હારી ગયા



ગાંધીનગરના કૃષિભવન ખાતે ફરજ બજાવતા સંવેદનશીલ યુવા અધિકારી શ્વેતાબેન મહેતા કોરોના સામેનો જંગ હારી જતાં ગર્ભમાં રહેલ ૭ મહિનાના બાળક સાથે મૃત્યુ થતાં સમગ્ર કૃષિ ભવન અને સચિવાલયમાં ભારે શોક પ્રસર્યો છે. તાજેતરમાં શ્વેતાબહેને તરૂણાવસ્થામાં પ્રવેશેલી દિકરીઓને મળીને તેમની સમસ્યાઓ અને તેના ઉકેલો સંદર્ભે 'ખીલતી કળીને વ્હાલ' નામના પુસ્તકનું સર્જન પણ કર્યુ હતુ. હમણાં ૧૭મી માર્ચે શ્વેતાબહેને 'મોબાઈલ અને પેરેન્ટી' વિષય ઉપર ફેસબુક પેજ પર અદ્‌ભુત લેખ લખ્યો હતો. જેને ભારે પ્રસંશા પ્રાપ્ત થઈ હતી.

યુવા મહિલા અધિકારીના અવસાનના સમાચારથી સમગ્ર કૃષિભવન સ્તબ્ધ બની ગયુ. સચિવાલયમાં પણ ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. ગુજરાતે એક સંવેદનશીલ સર્જક ગુમાવ્યા છે જ્યારે સરકારે એક ઉમદા અધિકારી ગુમાવ્યા છે.

ગાંધીનગર,તા.૩૦

એક તરફ ગાંધીનગર મહાનગરપાલીકાની ચૂંટણી ઘોષિત થઈ ચૂકી છે. આચાર સંહીતા લાગુ થઈ ચૂકી છેને બીજી તરફ કોરોનાનો ફેલાવો અહીંયા દિનપ્રતિદિન વધી રહ્યો છે. સતત કોરોનાના નવા કેસમાં વધારો થઈ રહ્યો છે. ગાંધીનગરના જે કોરોના ટેસ્ટ યુનિટોમાં એક સમયે કાગડા ઉડતા હતા ત્યાં આજે લાંબી લાંબી કતારો જોવા મળી હતી. સેકટર-૨૧ના કોરોના ટેસ્ટ સેન્ટરમાં તો ટેસ્ટિંગ માટે લગભગ એક કિલોમીટર લાંબી લાઈનો જોવા મળી હતી. તો બીજી તરફ ગાંધીનગરમાં જ્યાં નેતાઓ અને વીવીઆઈપી અધિકારીઓ રોકાય છે અને બેઠકો કરે છે તે સર્કિટ હાઉસમાં મેનેજર સહિત ૧૫ કર્મચારીઓનો કોરોના પોઝિટિવ આવતા તંત્ર દોડતું થઈ ગયું છે. સર્કિટ હાઉસમાં સેનેટાઈઝેશન કરવામાં આવી રહ્યું છે. તમામ કર્મચારીઓની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. રસોઈયા સહિત સ્ટાફ મેનેજર હાલ તો હોમ આઈસોલેટ કરાયા છે. આ ઉપરાંત ગાંધીનગર સરકીટ હાઉસની ખાણીપીણીની તમામ સુવિધાઓ હાલ પૂરતી બંધ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, સરકીટ હાઉસ એ એક એવું જાહેર સ્થળ છે જયાં રોજ બરોજ સેંકડો લોકો મુલાકાત લેતા હોય છે. ત્યારે મોટા ભાગના સર્કિટ હાઉસમાં રોકાયેલા અને બેઠક કરવા ગયેલા લોકોએ પણ પોતાના કોરોના ટેસ્ટ કરવા જરૂરી છે. નોંધનીય છે કે, રાજ્યભરમાં કોરોનાનો આંકડો ઉપર જઈ રહ્યો છે અંદાજે દિવસના ૨૨૦૦ની આસપાસ કેસ આવી રહ્યાં છે . જે ચિંતાજનક છે. રવિવારે રાજ્યમા ૨૨૫૨ નવા કેસ નોંધાયા છે. જ્યારે સતત બીજા દિવસે ૮ના મોત થયા છે. જેમાં સુરતમાં ૬૭૭ અને અમદાવાદમાં ૬૧૨ નવા કેસ નોંધાયા છે. તેમજ ૧૭૩૧ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે. જ્યારે સુરત શહેરમાં ૩, અમદાવાદ શહેરમાં ૩, રાજકોટ શહેરમાં ૧ અને પંચમહાલમાં ૧ મળીને કુલ ૮ દર્દીના મોત સાથે મૃત્યુઆંક ૪,૫૦૦ થયો છે.

### સામાન્ય વહીવટ વિભાગના કિરીટ મેકવાનનું કોરોનામાં નિધન



સચિવાલય સામાન્ય વહિવટ વિભાગના સેકશન અધિકારી મેકવાન કિરીટ સાયમનનું કોરોનાથી અવસાન થયુ છે. સેકટર-૧૪ના વસાહતી અને સચિવાલયના વર્ગ-૨ અધિકારીના અવસાનથી સચિવાલયમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. સદ્‌ગતના અંતિમ સંસ્કાર અમદાવાદ ખાતે કરાયા છે.

### દર ૧૦૦માંથી ૨૦ લોકોને કોરોના થઈ રહ્યો છે : રિપોર્ટ

કોરોનાના વધતા કહેર વચ્ચે અમદાવાદથી સતત મોટા અપડેટ સામે આવી રહ્યાં છે. અમદાવાદમાં ખાનગી કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. તો બીજી તરફ, અમદાવાદમાં આવેલા કોરોના ટેસ્ટિંગ ડોમ પર સવારથી જ શહેરીજનોની લાંબી લાઈન લાગી છે. શહેરમાં ઝડપથી પ્રસરી રહેલા કોરોનાના કેસ વચ્ચે નાગરિકો પણ સતર્ક થઈ રહ્યાં છે. ત્યારે અમદાવાદના એક તબીબના અહેવાલથી અમદાવાદીઓનું ટેન્શન ચોક્કસથી વધી જશે. કોરોના વેક્સીન લીધા બાદ જે લોકોને કોરોના થયો તેમના સેમ્પલ પુના લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. જોકે વેક્સીન લીધી છે અને કોરોના થયો છે, તેમનામાં કોઈ ગંભીર અસર જોવા ન મળી રહી હોવાનું તારણ સામે આવ્યું છે. અમદાવાદની બીજે મેડિકલ કોલેજના ડીન પ્રણય શાહે જણાવ્યું કે, છેલ્લા કેટલાક સમયમાં પોઝિટિવિટી રેશિયો ખૂબ વધ્યો છે. છેલ્લા બે અઠવાડીયાથી કોરોનાના કેસો ખૂબ વધ્યા છે. હાલ લેવાઈ રહેલા ૧૦૦ સેમ્પલમાંથી ૨૦ ટકા રિપોર્ટ પોઝિટિવ આવી રહ્યા છે. એન્ટીજન ટેસ્ટ સિવાય હાલ ૮૦૦ જેટલા આરટીપીસીઆર હાલ કરી રહ્યા છે, અગાઉ ૫૦૦ જેટલા ટેસ્ટ કરાતા હતા. થોડા સમય અગાઉ ૧૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરીએ એટલે ૧ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવતો હતો. સર્વેલન્સના કેસોમાં ૫૦૦ માંથી એકાદ વ્યક્તિનો રિપોર્ટ પોઝિટિવ આવતો હતો.

### શહેરના સેવાભાવી અગ્રણી નરેન્દ્રભાઈ રાવલ કોરોના સામે જંગ હારી ગયા


ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી અને સમગ્ર તપોધન સમાજના પૂર્વ પ્રમુખ નરેન્દ્રભાઈ રાવલ કોરોના સામેનો જંગ હારી જતાં સમગ્ર સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. છેલ્લા ચારેક દિવસથી સ્વામિનારાયણ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલ નરેન્દ્રભાઈનું ૨૯મીની બપોરે દુઃખદ અવસાન થયુ હતુ.



ગાંધીનગરની બ્રહ્મસમાજની પ્રવૃત્તિમાં હંમેશા અગ્રેસર રહી સામાજીક એકતા માટે સખત પરિશ્રમ કરનાર કર્મઠ અગ્રણીના મૃત્યુથી બ્રહ્મસમાજને ન પુરાય તેવી ખોટ પડી છે. નરેન્દ્રભાઈ અબોલ પક્ષીઓ માટે પણ સતત કાર્યરત રહેતા. છેલ્લા એક દાયકાથી પક્ષીઓને પાણી પીવા માટે વ્યાપક પ્રમાણમાં ચકલોડીયાનું વિતરણ કરતા હતા.

આ ઉપરાંત સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ હંમેશા અગ્રેસર રહેતા મૂળ સાબરકાંઠાના ખેડબ્રહ્માના વતની પરંતુ સરકારી નોકરીના કારણે ગાંધીનગર સ્થાયી થયેલા નરેન્દ્રભાઈએ કોરોનાકાળના પ્રારંભિક સમયમાં કોરોના વોરીયર્સ તરીકે સતત ફરજ બજાવતાં પોલીસ જવાનો, મીડીયા કર્મીઓ અને આરોગ્ય કર્મીઓને પણ ઉકાળાનું વિતરણ કર્યુ હતુ. આ ઉપરાંત જય અંબે પરિવારમાં પણ અઢી દાયકાથી પગપાળા અંબાજી જતાં અંબાજીની પદયાત્રા અચુક કરતાં હતા. જય અંબે પરિવારની આધ્યાત્મિક અને સામાજીક પ્રવૃત્તિઓમાં નરેન્દ્રભાઈની ભૂમિકા હંમેશા સક્રિય રહેતી હતી. તેમના વતન ખેડબ્રહ્મા વિસ્તારમાં પણ પ્રતિ વર્ષ સેવાના કામ માટે તેઓ અચુક પહોંચતા હતા. ગાંધીનગરના જાહેર જીવનમાં નરેન્દ્રભાઈ રાવલની વિદાયથી મોટી ખોટ સર્જાશે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, ચૂંટણી કરતા નહીં... લોકો પોતે બેજવાબદાર થઈને ગામ આખામાં ફરશે અને કોરોના થશે તો તમારું નામ બદનામ કરશે...!!

# સેકટર-૮ સરકારી મકાનમાં ૧.૯૪ લાખની ઘરફોડ ચોરી

## હોળી-ધુળેટીમાં પરિવાર વતન ગયો હતો, સોના-ચાંદીના દાગીના અને રોકડા મળી કુલ ૧.૯૪ લાખનો મુદ્દામાલની ચોરી, સીસીટીવી ફુટેજમાં ચોર કેદ, પોલીસ તપાસનો ધમધમાટ,

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેકટર-૮ ખાતે સરકારી મકાનમાં રૂ.૧.૯૪ લાખની ચોરી થવા પામી છે. હોળી-ધુળેટીના પર્વ નિમિતે પરિવાર વતનમાં ગયો હતો, તે સમયે ચોર ઈસમે ઘરફોડ ચોરીને અંજામ આપ્યો છે. સેકટર-૧૫ વિનયન કોલેજમાં આસીસટન્ટ પ્રોફેસરના મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ લઈ શખ્સ ફરાર થઈ ગયો છે. જયારે ઘરમાં લાગેલા સીસીટીવી ફુટેજમાં ચોર કેદ થઈ ગયો છે. પોલીસે ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૮ બ્લોક નં.૭૧ ૩-૫ ઘ ટાઈપ ખાતે રહેતા અજય કુમાર બાબુભાઈ વાળંદ (ઉં.૩૨ મુળ. તોરણા કપડવંજ) સેકટર-૧૫ વિનયન કોલેજમાં આસીસટન્ટ પ્રોફેસર તરીક ફરજ બજાવે છે. હોળી-ધુળેટીના પર્વને પગલે તેઓ ત્રણ વર્ષના દિકરા અને પત્ની સાથે તા.૨૮ ના રોજ સાડા બાર વાગ્યાના અરસામાં વતન જવા માટે નીકળ્યા હતા. ત્યારબાદ તહેવાર તા.૩૦ ના રોજ સવારે ૭ વાગ્યાના અરસામાં પરત ફર્યા હતા. ત્યારે તેઓએ જોયુ તો મેઈન દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો. ઘરમાં જઈને ચેક કરતા બેડરૂમમાં રહેલી તિજોરીના દરવાજા ખુલ્લા હતા



અને અંદર રહેલો સામાન પલંગ પર વેર વિખેર હાલતમાં પડ્યો હતો. ઘરમાં ચેક કરતા રૂ.૮૨ હજારનો સોનાનો સેટ, રૂ.૫૧,૨૦૦ ની કિંમતની સોનાની ચેઈન, રૂ.૩૦,૭૫૦ની કિંમતની બે સોનાની બુટ્ટી, રૂ.૧૫ હજારના વરખવાળા ચુડા, રૂ.૩ હજારની ચાંદીની લક્કી, રૂ.૩ હજારના ચાંદીના કડા, ચાંદીનો જુડો રૂ.૬૫૦૦ સહિત રૂ.૩ હજાર રોકડા ગાયબ હતા. અજયભાઈએ પોતાના ઘરે લાગેલા સીસીટીવી ચેક કરતા સોમવારના રોજ રાત્રે ૨.૫૨ કલાકે એક ૪૫ વર્ષિય આશરાનો શખ્સ તેમના ઘરમાં દરવાજાનો નકુચો તોડીને અંદર પ્રવેશી ચોરીને અંજામ આપ્યો હતો. સેકટર-૭ પોલીસે અજયભાઈની ફરીયાદ નોંધી ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

### ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગ માટે ૩૦૦ જેટલા જંગ લડવા ઈચ્છુકો ફોર્મ લઈ જતાં જંગ બહુકોણીય બનશે તેમ મનાઈ રહ્યુ છે.
- તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી સુશ્રી આશાબા રાવલ કોરોનાથી સંક્રમિત થયા છે. દહેગામના વિસ્તરણ અધિકારી પણ સંક્રમિત થયાના અહેવાલ છે.
- ગાંધીનગર જિલ્લામાં વેક્સીનેશનને લઈ કોરોના માટે મુકાયેલ અગ્ર સચિવ સુનયના તોમરે આજે વી.સી. યોજી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં સોશ્યલ ડિસ્ટન્સીંગ ભુલાયુ હતુ સભ્યો વચ્ચે જે અંતર હોવુ જોઈએ તે જોવા મળ્યુ ન હતુ.
- જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં આજે ૪૬૩૮ લોકોને વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

# મનપાની બે એજન્સીઓ સામે લઘુત્તમ વેતન ધારાભંગ અંગે કોર્ટ કેસ કરવામાં આવેલ છે


## જમીન માપણીની ક્ષતિ સુધારણા માટે ૧૫૧૮ અરજીઓ પડતર છે : ૧૭ ટ્રેઈન મારફત ૨૨,૯૮૦ શ્રમિકોને વતન પરત મોકલાયા હતા

ગાંધીનગર, તા. ૩૦

રાજ્ય વિધાનસભાના અંદાજપત્ર સત્રના હવે ૩ દિવસ બાકી છે. ત્રણ દિવસના મીની વેકેશન બાદ આજે ગૃહની બેઠક મળી હતી. આજે મહેસુલ, શ્રમ રોજગાર, પાણી પુરવઠા વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી. જો કે પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન જોવા મળતી ઉત્તેજનાઓ આજે જોવા મળી ન હતી.

- **મનપામાં લઘુત્તમ ધારા ભંગ**

કોંગીના માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ૩૧-૧-૨૧ની સ્થિતિએ ગાંધીનગર મનપામાં સફાઈની એજન્સી દ્વારા લઘુત્તમ વેતન ધારા ભંગની તથા સમય કરતાં વધુ સમય કામ લેવાની મળેલ ફરિયાદો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ક્ષમ અને રોજગાર મંત્રીએ જણાવ્યુ છે કે સફાઈ એજન્સી દ્વારા લઘુત્તમ વેતન ધારા ભંગની બે ફરિયાદો મળી છે. કર્મચારીઓ પાસે વધુ સમય નોકરી કરાવાતી હોવાની ફરિયાદ વિભાગને મળી નથી.



વિધાનસભામાં ગાંધીનગર - પ્રકાશ જહા

તેમણે જણાવ્યુ છે કે ડી.બી. એન્ટરપ્રાઈઝ મહેસાણા નામની એજન્સી સામે લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ નામ, મજૂર અદાલતમાં તા. ૩-૩-૨૧ ના રોજ કોર્ટ કેસ નં. ૨૯૩/૨૦૨૧ દાખલ કરેલ છે.

આ ઉપરાંત કોન્ટ્રાક્ટ મજુર અધિનિયમ ૧૯૭૦ હેઠળ નામ. મજૂર અદાલતમાં તા. ૩-૩-૨૦૨૧ના રોજ કોર્ટ કેસ નં. ૨૮૮/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ છે.

બીજી એજન્સી એ.બી. એન્ટરપ્રાઈઝ સામે પણ આજ પ્રમાણે બે કોર્ટ કેસ કરવામાં આવ્યા છે.

- **માપણીમાં ક્ષતિ સુધારવા અરજીઓ**

કોંગીના કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ખેતની જમીન નીરી-માપણી કરવાની કામગીરીમાં રહેલ ક્ષતિઓ સુધારવાની અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૪૩૭૫ અરજીઓ મળી છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૨૦૬૨, કલોલમાં ૧૧૬૬, માણસામાં ૬૦૬, દહેગામમાં ૫૪૧ અરજીઓનો સમાવેશ થાય છે.

મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લાની કુલ ૪૩૭૫ અરજીઓ પૈકી ૨૮૫૭ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. ઉક્ત સ્થિતિએ ૧૫૧૮ અરજીઓ પડતર છે.

- **શ્રમિકોને વતન પરત મોકલવા**

કોંગીના ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ શ્રમિકોને વતન મોકલવા બાબતે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યુ છે કે શ્રમિકોને વતન પરત મોકલવા માટે રાજ્ય સરકારે રૂ. ૬,૮૬,૮૭,૩૯૦ની પશ્ચિમ રેલવેને રકમ ચુકવી છે. ગાંધીનગર જિલ્લામાંથી કુલ ૧૭ ટ્રેન મારફત ૨૨,૯૮૦ શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા છે.

- **આઈ.ટી.આઈ.ના તાલિમાર્થીને ટેબ્લેટ**

સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ કોમ્પ્યુટર ટ્રેડ પાસ થનાર ઉમેદવારને ટેબ્લેટ આપવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન જિલ્લાના ૭૧ તાલિમાર્થીને ટેબ્લેટ અપાયા છે.

- **ચાફ્ટર ખરીદી**

ભાજપના શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ચાફટર ખરીદી સહાય યોજના અંતર્ગત અપાયેલ સહાય અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ જણાવ્યુ છે કે ૧૮૪ લાભાર્થીઓને રૂ. ૧૭,૯૧,૦૦૦ની સહાય ચુકવવામાં આવી છે.

- **અને છેલ્લે...**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લામાં લેન્ડ કમીટીની મળેલી બેઠક અંગેના પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે બે વર્ષમાં જિલ્લા લેન્ડ કમિટીની બેઠક મળી જ નથી.

આજ સભ્યના ગૌચર અંગેના લેખિત પ્રશ્નના ઉત્તરમાં પણ મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લાના ૨૬૩ ગામોમાં ઓછુ ગૌચર હતુ પણ એક પણ ગામમાં ગૌચર માટે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવી નથી.

# કરંટના લીધે બે મજુરોના મોત થવાના કેસમાં કોન્ટ્રાકટરને એક વર્ષની કેદ

ગાંધીનગર તા ૨૯

કુડાસણ ગામની સીમમાં દિવ્ય જીવન ઈન્ફાસ્ટ્રકચરની સાઈટ પર બે મજુરોને કરંટ લાગીને મૃત્યુ થવાના કેસમાં લેબર કોન્ટ્રાકટરને કસુરવાર ઠરાવી ગાંધીનગર કોર્ટે બેદરકારી દાખવનાર કોન્ટ્રાકટરને એક વર્ષની સજા તેમજ બન્ને મૃતક મજુરોના પરિવારોને રૂ ૩.૯૦ વળતર ચુકવવા આદેશ કર્યો છે.

ગાંધીનગરમાં કુડાસણ ગામની સીમમાં દિવ્ય જીવન ઈન્ફાસ્ટ્રકચર કંપનીએ તા ૮ જુલાઈ વર્ષ ૨૦૧૦ થી નવ નિર્મિત બિલ્ડીંગનો લેબર સહીતની તમામ જવાબદારીનો કરાર આધારિત કોન્ટ્રાકટ લીધો હતો. જયારે આ કરાર અમદાવાદના ગીરીશભાઈ ગોવિંદભાઈ પરમારને આપ્યો હતો. સાઈટ પર બાંધકામ અર્થે તેમજ મજુરોને રહેવા સહીતની વ્યવસ્થાના ભાગરૂપે પાણીનો હોજ પણ બનાવાયો હતો જયારે આ હોજ પાસે વિજલાઈન પણ નાંખી હતી. તા ૧૨ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૦ ના રોજ કુડાસણ ગામની સીમમાં સ્થિત દિવ્ય જીવન ઈન્ફાસ્ટ્રકચરની સાઈટ પર પાણીની ટાંકી પાસે બે મજુરો ન્હાવા ગયા હતા. ન્હાવા ગયેલા આ મજુરો વિશ્વજીત વિરન મહાતુ તેમજ સંજીતકુમાર સતીષભાઈ સરદાર રહે ૫ બંગાળ કલકત્તાને કરંટ લાગતા મૃત્યુ થયુ હતુ. ખામીયુકત વિજલાઈનના લીધે મૃત્યુ થવાની સંભાવના હોવાની જાણકારી હોવાછતા બેદરકારી દાખવવામાં આવી હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ. આ અંગે સે-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી જેમાં મરનાર બન્ને મજુરોના પરિવારોને આર્થિક સહાય મળે તે હેતુથી દંડ કરવા અને વળતર આપવા માટે પણ કોર્ટ સમક્ષ રજુઆત કરવામા આવી હતી. આ દલીલોને ધ્યાને લઈ જજ એસ એન સોલંકીએ આરોપીને એક વર્ષની કેદની સજા તેમજ રૂ ૪ લાખનો દંડ કરવાનો આદેશ કર્યો છે. જયારે દંડની આ રકમ પૈકી રૂ ૩.૯૦ લાખ મજુરોના પરિવારજનોને ચુકવવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

# આજે બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં આજ સુધીમાં ૩૦૦ જેટલા જંગ લડવા ઈચ્છુકો ઉમેદવારીપત્ર લઈ ગયા છે. હવે ઉમેદવારી પત્ર ભરવાની આડે બે દિવસ બાકી છે. આજે મનપાના જંગમાં બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

મળતી વિગતો પ્રમાણે વોર્ડ નં. ૨ માં એક અપક્ષ ઉમેદવારે તો વોર્ડ નં. ૯ માં બહુજન મુક્તિ મોરચાના ઉમેદવારે આજે ઉમેદવારી નોંધાવી છે. મળતી વિગતો પ્રમાણે વોર્ડ નં. ૧-૨ માટે ૫૦, વોર્ડ નં. ૩-૪ માટે ૪૮, વોર્ડ નં. ૫-૬ માટે ૫૨ અને વોર્ડ નં. ૯-૧૦-૧૧ માટે ૮૮ ઉમેદવારીપત્રો આજ સુધીમાં ગયા છે. ઉમેદવારી પત્ર ભરવા આવનાર ઉમેદવારો દ્વારા કોરોનાની ગાઈડલાઈનનો સંપૂર્ણ અમલ કરવાનો રહેશે તેમ જિલ્લાતંત્રના સૂત્રોએ સ્પષ્ટ જણાવ્યુ છે.

# ગાંધીનગરમાં 'જીએમએલ' ક્રિકેટ ટૂર્નામેન્ટનો આજથી પ્રારંભ

ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમી દ્વારા તા. ૩૧મી માર્ચથી ૫૦ ઓવરની 'ગાંધીનગર મેજર લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટ-૨૦૨૧'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તમામ વયજૂથના ખેલાડીઓ સાથે ટીમ ભાગ લઈ શકશે. આ ટૂર્નામેન્ટ ટર્ફ વિકેટ પર યોજાશે જેમાં વધુમાં વધુ પાંચ ટીમો સમાવેશ કરાશે જે માત્ર ગાંધીનગર શહેરની હશે.

અત્યાર સુધી ગાંધીનગરમાં ક્યારેય યોજાઈ ના હોય તેવી આ પહેલી ટૂર્નામેન્ટ હશે જેમાં ચેમ્પિયન ટીમને ટ્રોફી સાથે રોકડ ઈનામ અપાશે. તેમજ રનર્સ અપ ટીમને પણ રોકડ ઈનામ અપાશે. આ ટૂર્નામેન્ટ લાલ સીઝન બોલથી રમાશે જેમાં ગાંધીનગરની પાંચ મેજર ક્લબની ટીમો ભાગ લેશે અને પ્રત્યેક ટીમ ચાર લીગ મેચ રમશે. લીગ મેચના આધારે ટોપની બે ટીમ ફાઈનલ માટે ક્વોલીફાય થશે તેમજ પ્રત્યેક મેચમાં 'મેન ઓફ ધ મેચ'ને સન્માનિત કરાશે. આ ટૂર્નામેન્ટમાં ભાગ લેનાર ખેલાડી ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન સાથે રજીસ્ટર્ડ અથવા ગાંધીનગર શહેરનો વતની, ગાંધીનગરમાં નોકરી કે વ્યવસાય કરતો અથવા ગાંધીનગર જિલ્લામાં જન્મેલો હોવો જોઈએ.

# આલમપુર પાસે બાઈક સ્લીપ ખાઈ જતા યુવકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર પાટીયા પાસે સવારના સાડા અગીયાર વાગ્યાના અરસામાં બાઈક પરનો કાબુ ગુમાવતા બાઈક સ્લીપ ખાતા યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. યુવકને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. જયાં સારવાર દરમિયાન તેનું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે મૃતકના પિતાની ફરીયાદ લઈ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

શિહોલી મોટી ગામના હેમતુજી વાળો વાસ ખાતે રહેતા બબાજી ચેહરાજી ઠાકોર ઉં.૬૦ ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. બબાજીને ત્રણ સંતાનમાં સૌથી નાનો દિકરો અનિલ છે. બબાજી સવારે ૧ વાગ્યાના અરસામાં ઘરે હાજર હતા તે સમયે ગામના બાપુજી ઠાકોર તેઓના ઘરે આવ્યા હતા અને કીધુ હતુ કે અનિલજીને સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે દાખલ કર્યા છે. જેને પગલે બબાજી તેમજ વસંતજી ઠાકોર ખાનગી વાહનમાં ગાંધીનગર સિવિલ ખાતે પહોંચ્યા હતા. તે સમયે જઈને જોયુ તો અનિલ મૃત હાલતમાં જોવા મળ્યા હતા. અનિલ બાઈક નં. જી.જે.૧૮.સી.એલ.-૫૫૭૯ લઈને ગાંધીનગર થી ચિલોડા તરફ જઈ રહ્યા હતા ત્યારે સાડા અગીયાર વાગ્યાના સુમારે આલમપુર પાટીયા પાસે બાઈક પરનો કાબુ ગુમાવી બેસતા બાઈક અચાનક સ્લીપ ખાઈ જતા શરીરના ભાગે અંદરની ઈજાઓ પહોંચતા મૃત્યુ થયુ હતુ. બનાવ અંગે બબાજી ઠાકોરની ફરીયાદ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.